# આંખોમાં થોડું જળ હોય તો સારું, પોતાનું એકાદ જણ હોય તો સારું!

સ્પંદન
નિરંજન યાજ્ઞિક

વ્યારાની પ્રગતિ સોસાયટીમાં રસિકભાઈ ગાવિતનો બંગલો ખરેખર સરસ હતો. ખાસ તો બંગલાનું ફળિયું મોટું હતું એટલે અસ્સલ ગામડા જેવું લાગતું.રસિકભાઈ, એમની પત્ની નીલમ, દીકરીઓ આનલ અને સોનલ એક સાંજે જમવા બેઠાં હતાં ને વાતોની વણઝાર ચાલુ થઈ.

“પપ્પા,” આનલ બોલી “આપણું ડોસવાડાનું આંબાવાડિયું જોવા તો અમને એક વાર લઈ જાવ.”

“હજી તો આંબા પર મોર આવ્યા છે બેટા,” રસિકભાઈ બોલ્યા, “થોડી રાહ જો, કેરીઓ આવશે એટલે આપણે ત્યાં જઈશું ને સાખ પરની કેરીઓ ધરાઈને ખાઈશું.” “મારે એમ.એસ.સી.હોર્ટિકલ્ચરનું છેલ્લું વરસ છે અને કેરીઓની સીઝન વખતે મારી વાંચવાની પણ સીઝન ચાલતી હશે ધમાધમ!”

“મારે પણ એમ.એ.ની પરીક્ષાની તૈયારીઓ ચાલતી હશે પપ્પા,” સોનલ બોલી, “છતાં, આપણે એક દિવસ તો ગાડી લઈને જઈશું જ.” “ભલે,” રસિકભાઈ બોલ્યા, “આપણે આંબાવાડિયા માટે દર સીઝનમાં રાખીએ છીએ એ રમણને ચોકીદારી માટે રાખી જ લીધો છે, આપણે જવાનું હોય એના અગાઉ એને ફોન કરી દઈશું, એટલે એ જમવાની વ્યવસ્થા પણ કરી રાખશે.” ‘‘વાહ વાહ,” નીલમ બોલી, “છોકરીઓને થતું હશે કે, જલ્દી જલ્દી મોર પર કેરીઓ બેસે તો સારું.”

ચારે જણા ખડખડાટ હસી પડ્યાં ને જમવાનું પૂરું થયું. બીજા દિવસે સોમવાર હતો એટલે સવારની બસમાં આનલને એની નવસારી એગ્રીકલ્ચર કોલેજમાં જવાનું હતું એટલે એ વહેલા સૂઈ ગઈ. સોનલને રજા હતી એટલે એ ક્યાંય સુધી મમ્મી-પપ્પા સાથે વાતો કરતી રહી.

“પપ્પા,” સોનલે પૂછ્યું, “કેરીઓ હવે ક્યારે આવશે?’’

“બેટા,” રસિકભાઈ બોલ્યા, “કેરીઓમાં પણ સીઝન હોય છે. સૌથી પહેલા રત્નાગીરી હાફુસ આવશે, એ પછી ગીરની કેસર આવશે ને થોડા દિવસ પછી આપણી દક્ષિણ ગુજરાતની કેરીઓની સીઝન શરૂ થશે. એટલે લગભગ એકાદ કે દોઢ મહિનાની વાર છે હજી. આપણી કેરીઓ આવશે એ પછી તો કચ્છની કેસર આવશે ને પછી લંગડો, બદામ, દશહરી એવી જાત જાતની કેરીઓ આવશે.” “તો આપણે રાહ જોવાની ખરી,” સોનલ બોલી, “મને તો કેરીની સીઝનમાં ખૂબ મઝા પડે. તમારે તો કેટલો મોટો વેપાર છે પપ્પા, બધી કમાણી તમારી કેરીઓ પર જ છે, ખરું ને?” “હા બેટા,” રસિકભાઈ બોલ્યા, “સીઝન શરૂ થાય એટલે આપણે હરાજીમાંથી મોટાભાગની કેરીઓ ઉપાડી લઈએ છીએ. આપણા આંબાવાડિયાની કેરીઓ પણ આપણે લાવીએ છીએ, વેચીએ છીએ પણ આપણી કેરીઓની મીઠાશ અદભુત છે એટલે આપણા આંબાની કેરીઓ આપણે દુબાઈ, અબુધાબી, કુવૈત, મસ્કત, ઓમાન જેવા દેશોમાં મોકલીએ છીએ. આપણી સોસાયટીમાં પણ દરેક ઘેર આપણે આપણા જ આંબાવાડિયાની કેરીઓ આપીએ છીએ. મિંઢોળા નદીના કાંઠે જ આપણું આંબાવાડિયું છે એટલે એના પાણીની મીઠાશ પણ એમાં ભળે છે.”

“હા પપ્પા,” સોનલ બોલી, “એ તો મને ખ્યાલ છે. તમે ફળિયામાં કેરીઓનો ઢગલો કરાવો છો ને પછી સોસાયટીમાંથી દરેક ઘરનાને બોલાવીને ખૂબ કેરીઓ આપો છો. બધાંને બહુ ગમે છે.” “ગમે જ બેટા,” નીલમ બોલી, “એક તો આપણી કેરીઓ સરસ છે ને બીજું, આપણે સૌને સાથે રાખીને ખાનારા માણસો છીએ, એકલપેટા નથી, એટલે લોકોને ગમે છે. ચાલ, હવે તું સૂઈ જા.” “હા મમ્મી,” સોનલ બોલી, “પપ્પા, તમે દેશમાં ક્યાં ક્યાં કેરીઓ મોકલો છો?” “મોટા ભાગે મુંબઈ,” રસિકભાઈ બોલ્યા, “એ પછી કલકત્તા, બેંગલોર, અમદાવાદ, સુરત, એવાં તો કેટલાંય શહેરોમાં આપણે મોકલીએ છીએ. ચાલ, હવે પ્રશ્નો પૂછ્યા વિના સૂઈ જા. મારે પણ વહેલા ઊઠીને બોક્સ બનાવવા આપ્યાં છે એ બન્યાં કે નહીં એની તપાસ કરવા જવાનું છે.” સમય વ્યારાની સાંકડી ગલીઓમાંથી પસાર થતો રહ્યો. લગભગ સવા મહિના પછી આંબા પર કેરીઓ લચી પડી. રસિકભાઈનું ગોડાઉન કેરીઓથી ભરાઈ ગયું. એમના માણસો દસ દસ કિલો વજન કરીને કાચી કેરીઓ બોક્સમાં ભરીને એકબાજુ ગોઠવતા રહ્યા. મુંબઈ માટેની ટ્રકો આંતરે દિવસે રવાના જતી રહી. બીજાં બધાં શહેરોમાં પણ પાર્સલો રવાના થતાં રહ્યાં. “પપ્પા,” એક સાંજે આનલે પૂછ્યું, “પપ્પા, હવે આપણું ડોસવાડા ફાર્મ જોવા ક્યારે જઈશું?” “ત્યાં પણ કેરીઓ આવી જ ગઈ છે બેટા,” રસિકભાઈ હસ્યા, “ને ત્યાંથી ઘણાં પેકેટ આપણે અબુ ધાબી ને દુબાઈ મોકલી પણ આપ્યાં છે પણ આપણે ખાવાની છે સાખ પર પાકેલી કેરી. એ કેરી ઝાડ પર જ પાકે એટલે એને સાખની કેરી કહેવાય છે. એની મીઠાશ તો વળી જબરી હોય છે. તું જોજે ને, તને મઝા પડી જશે. એ કેરીઓ લગભગ આવતા અઠવાડિયે પાકશે, એટલે આવતા રવિવારે આપણે જઈશું.” શુક્રવારે રસિકભાઈએ પોતે કુટુંબ સાથે રવિવારે આવે છે એટલે સાખની કેરીઓ તોડી રાખવાનું ને સવારની રસોઈનું રમણને ફોન કરીને કહી દીધું. બન્ને દીકરીઓ અભ્યાસમાં લાગી ગઈ અને રસિકભાઈ કેરીઓની ટ્રકો અને પાર્સલો મોકલવાની ધમાલમાં પડી ગયા. કેરીઓમાંથી એમને જબરદસ્ત કમાણી થતી હતી. શનિવારે રાત્રે જ રમણનો ફોન આવી ગયો કે બધી વ્યવસ્થા થઈ ગઈ છે, સાખની કેરીઓ જોઈ રાખી છે, પણ કાલે તમે આવો પછી તોડીશું. રવિવારે સવારે રસિકભાઈએ ગાડી સ્ટાર્ટ કરી. ડોસવાડા બહુ દૂર નહોતું. લગભગ તેર કિલોમીટરનો રસ્તો કાપતા એમને અડધો કલાક થયો. જો કે, આનલ અને સોનલે રસ્તામાં ગાડીની બહાર દેખાતી લીલીછમ વનરાજી મન ભરીને માણી. ડોસવાડાનું પાદર આવ્યું. રમણ બસ સ્ટેન્ડ પાસે જ ઊભો હતો. રસિકભાઈએ ગાડી ઊભી રાખી એટલે નીલમ પાછળની સીટ પર દીકરીઓની સાથે ગોઠવાઈ ને રમણ રસિકભાઈની બાજુમાં બેઠો. એ બેઠો એટલે રસિકભાઈએ ગાડી સ્ટાર્ટ કરીને ડેમ તરફ લીધી. રસ્તામાં એક જગ્યાએ કાચા રસ્તા પર એમણે જમણી બાજુ ગાડી વાળી. પાંચ જ મિનિટમાં એમનું આંબાવાડિયું દેખાયું. બધાં ઊતરીને અંદર ગયાં. આનલ તો આંબા પર લટકતી કેરીઓ જોઈને જ ખુશ થઈ ગઈ. સોનલને પણ મઝા પડી. બન્ને આંબાવાડિયામાં ફર્યાં. લગભગ ૬૬ આંબા હતા, ને દરેક પર કેરીઓ ઝૂલતી હતી. “ચાલો બહેનો,” આનલ અને સોનલ પાછા ઓરડી પર આવ્યાં એટલે રમણ બોલ્યો, “તમને સાખ પરની કેરીઓ બતાવું. આજે આપણે એ તોડવાની છે.”

ચારે બાજુ ફરીને રમણે લગભગ ત્રીસેક કેરીઓ તોડી.

“આ કેરીઓ તમે ખાશોને બહેનો,” રમણે કહ્યું, “એટલે તમને બીજી કોઈ કેરી નહીં ભાવે. ચાલો, આપણે જમવા જ બેસી જઈએ.”

“અમારે થોડી વાર આ નદીમાં પગ બોળવા છે.” સોનલ બોલી, “તમે જોડે આવો રમણભાઈ.”

રમણને લઈને બન્ને મિંઢોળા નદીના કિનારે ગયાં. સામે બધી જંગલખાતાની જમીન હતી. બધું વાતાવરણ લીલુંછમ હતું.

નદીના પાણીમાં થોડી વાર પગ બોળીને પાછા આવ્યાં પછી રમણે જમવાની તૈયારી કરી. ઓરડીમાં જ ચટાઈ નાખીને એણે ચારે જણને જમવા બેસાડ્યા. કેરીઓના ટુકડા રમણની પત્નીએ તૈયાર જ રાખ્યાં હતાં.

સાદું જમવાનું હતું પણ એમાં કેરીનો સંગાથ હતો એટલે ચારેને મઝા પડી.

જમ્યા પછી બધા થોડી વાર બહાર ખાટલો નાખીને બેઠા. આનલની નજર તો કેરીઓ પર જ હતી.

“રમણ,” સાંજના ચારેક વાગ્યે રસિકભાઈ બોલ્યા, “અમે હવે નીકળીશું. મારો કલાર્ક કેરીઓ લઈ જાય છે ને?”

“હા,” રમણ બોલ્યો, “હું જ ટેમ્પો ભરી દઉં છું. હવે ઘેર સોસાયટીમાં વહેંચવા ક્યારે મોકલવાની છે?”

“આવતા રવિવારે મોકલજે એક ટેમ્પો,” રસિકભાઈ બોલ્યા.



**આમાં લગ્નની જરૂર નહીં. મારા પણ નથી થયા પણ કલમ મોટી થાય ત્યાં સુધી એને પાણી, ખાતર આપવાનું, એને ગ્રીનહાઉસમાં રાખવાનું-આ બધું જોવું જોઈએ**

“અને રમણભાઈ,” આનલ વચ્ચે જ બોલી, “જોડે વીસ પચ્ચીસ સાખની કેરી પણ મોકલજો હોં.”

“હા બહેન,” રમણ બોલ્યો, “પણ એ જલદી ખાઈ જજો, સાખની કેરી લાંબો સમય સારી ન રહે.”

એ વાતો ચાલતી હતી ત્યાં જ રમણની પત્ની ચા બનાવીને લાવી. ચા પીને રસિકભાઈએ રમણની પત્નીના હાથમાં બે હજાર રૂપિયા બક્ષિસ તરીકે મૂક્યા અને સૌ ગાડીમાં ગોઠવાયાં.

લગભગ સાડા પાંચે તો બધાં ઘેર પણ પહોંચી ગયાં. કેરીઓની સીઝન ચાલતી હતી ને અબુ ધાબીથી શેઠ જગદીશ મહેતાનો ફોન આવ્યો. “અંકલ,” એક યુવાનનો અવાજ આવ્યો, “હું જગદીશભાઈનો દીકરો કમલ બોલું છું. અમે દર વરસે તમારી કેરીઓ જ ખાઈએ છીએ. અદભુત સ્વાદ હોય છે એનો. મારે તમારું આંબાવાડિયું જોવું છે, અત્યારે કેરીઓ હશે ને?” “હા રે,”રસિકભાઈ બોલ્યા, “અત્યારે પૂરબહારમાં સીઝન છે.” “તો હું રવિવારે વ્યારા આવું છું,” કમલ બોલ્યો, “તમારું લોકેશન મને મોકલશો, એટલે હું સીધો આવી જઈશ. હું મુંબઈ ઊતરીશ ને ત્યાંથી ટેક્સી કરીને જ આવીશ.” “ભલે બેટા,” રસિકભાઈ બોલ્યા, “રવિવારે રાહ જોઈશું.” એ સાંજે રસિકભાઈએ જમતી વખતે બધાંને વાત કરી. “આજે શુક્રવાર થયો,” રસિકભાઈ બોલ્યા, “ને રવિવારે આપણે ત્યાંથી કાયમ ઢગલાબંધ કેરીઓ મંગાવે છે એ અબુ ધાબીના શેઠ જગદીશભાઈ મહેતાનો દીકરો કમલ આપણું આંબાવાડિયું જોવા આવે છે. મારે કલકત્તા ને બિલાસપુર કેરીઓ મોકલવાની છે એટલે હું નવરો નહીં પડું પણ આનલ, તું અને સોનલ ગાડી લઈને એને આપણું આંબાવાડિયું જોવા લઈ જજો. હું રમણને આજે ફોન કરીને સાખની કેરીઓ રાખવાની ને જમવાની વ્યવસ્થા કરવાનું કહી દઉં છું. જગદીશભાઈ મૂળ તો સુરતના પણ બે પેઢીથી અબુધાબીમાં વેપાર કરે છે.” રવિવારને આવતા કેટલી વાર? રવિવારે સવારના લગભગ સાડા બાર વાગ્યે કમલ વ્યારા આવી ગયો. રમણભાઈ ગોડાઉન પરથી ઘેર આવી ગયા. ચ્હા-પાણી પત્યાં. “આનલ,” રસિકભાઈ બોલ્યા, “હવે તું અને સોનલ ગાડી લઈને ઊપડો ને કમલને આપણું આંબાવાડિયું બતાવો. જમીને પછી આવતા રહેજો.”

આનલે સ્ટીઅરીંગ સંભાળ્યું, કમલ એની બાજુમાં બેઠો ને સોનલ પાછળ બેઠી. અડધા કલાકમાં તો એ વાડી પર પહોંચી ગયાં. રમણે એમને આવકાર્યા. આનલ અને સોનલ કમલને લઈને આંબાવાડિયામાં ફર્યાં. કમલ તો કેરીઓ જોઈને ખુશ થઈ ગયો. એણે જિંદગીમાં પહેલી જ વાર આવી રીતે કેરીઓ જોઈ. એમાંય જમતી વખતે સાખની કેરીનો સ્વાદ તો એને એટલો ગમ્યો કે, એણે રોટલી ખાવાનું છોડીને કેરી પર જ ધ્યાન પરોવ્યું. “ખરેખર તમારી કેરીઓ અદભુત છે,” કમલ બોલ્યો, “કાશ, અમારે ત્યાં અબુધાબીમાં પણ આવી કેરીઓ થતી હોય.’’ “થાય,” આનલ બોલી, “કેમ ન થાય? ત્યાં રેતાળ જમીન છે એટલે માટી અહીંથી લઈ જવી જોઈએ ને કલમી આંબા ઝડપથી ફળ આપે આપણે અહીંથી કલમ ત્યાં નાખીએ, તો ત્રીજા વરસે તો કેરીઓ આવવાની શરૂ થઈ પણ જાય.” “ખરેખર?” કમલને આશ્ચર્ય થયું. “હા, ચોક્કસ,” આનલ બોલી, “અમારા આંબા પર કલમો છે. મેં જ ઉગાડી છે.’’ “તમે?” કમલને ફરી આશ્ચર્ય થયું. “મેં હમણાં જ હોર્ટિકલ્ચરની માસ્ટર ડીગ્રીની પરીક્ષા આપી છે એટલે મને અનુભવ છે. તમારે ત્યાં પણ ધ્યાન રાખનાર જોઈએ.” આનલ બોલી.

“પણ મારા લગન નથી થયા!” કમલ બોલ્યો.

“અરે,” આનલ હસી, “આમાં લગ્નની જરૂર નહીં. મારા પણ નથી થયા પણ કલમ મોટી થાય ત્યાં સુધી એને પાણી, ખાતર આપવાનું, એને ગ્રીનહાઉસમાં રાખવાનું-આ બધું જોવું જોઈએ.” “ઓકે,” કમલ બોલ્યો, “ચાલો, આપણે પછી વાત કરીશું.” સાંજના જમતી વખતે પણ કમલ કેરીના જ વખાણ કરતો રહ્યો. એને હવે અબુધાબીમાં પોતાના ઘેર આ કેરીઓ ઉગાડવાની ઘેલછા થઈ હતી. “આનલ,” એણે કહ્યું, “ગ્રીન હાઉસ તો મારે ત્યાં બંગલાના કમ્પાઉન્ડમાં જ છે. અમે એમાં શાકભાજી ઉગાડીએ છીએ. ટેમ્પરેચર પણ મેઈન્ટેઈન થાય એમ છે.” “તો કશો વાંધો નહીં,” આનલ બોલી, “એવું હોય તો હું આવીને કલમો રોપી જઈશ.” કમલ તો આનલના સોહામણા ચહેરા તરફ તાકી જ રહ્યો. સાંજના કમલે અબુધાબી પપ્પાને ફોન કર્યો ને રાત્રે જ જગદીશભાઈનો ફોન રસિકભાઈ પર આવ્યો. “રસિકભાઈ,” જગદીશભાઈ બોલ્યા, “તમે કમલને તો બરાબર જોયો હશે. એ એમ.બી.એ. થયો છે. એને તમારી આનલ ગમી ગઈ છે ને અમને પણ તમારા સંસ્કારો હોય એટલે વાંધો નથી તો તમે આ સગપણ માટે રાજી છો?” “હું કાલે આનલને પૂછી જોઉં.” રસિકભાઈએ કહ્યું. “કાલે શા માટે?” જગદીશભાઈ બોલ્યા, “કમલ અને આનલ અત્યારે તમારા કમ્પાઉન્ડમાં બેઠાં બેઠાં વાતો કરે જ છે, બન્નેને બોલાવીને પૂછી લો ને?”

રસિકભાઈએ નીલમને મોકલીને બન્નેને રૂમમાં બોલાવ્યાં ને પોતાના પલંગ પર બેસાડ્યા. “કમલ,” જગદીશભાઈ બોલ્યા, “તારા પપ્પાનો ફોન હતો કે તને આનલ ગમી છે. સાચી વાત?” “હા,” નીચું જોઈને કમલ બોલ્યો, “અમારે ઘેર આ આંબા વાવવા છે ને એની સંભાળમાં કોઈ એકાદ જણ પોતાનું હોય તો ઘણું સારું. આનલ એ બાબતમાં અનુભવી છે.” “ને આનલ,” રસિકભાઈએ આનલ સામે જોયું, “તને કમલ ગમે છે? તારું સગપણ એની સાથે થાય તો તું રાજી છે?” આનલ શરમાઈને નીચું જોઈ ગઈ, એટલે રસિકભાઈ તો ન સમજ્યા પણ નીલમ સમજી ગઈ. એ તરત જ ઊભી થઈ અને સોનલને અંદર બોલાવીને એક પ્લેટમાં ગોળ લાવવાનું કહ્યું. “સોનલ,” નીલમ બોલી, “કમલ હવે તારા જીજાજી થાય છે, એનો જ આપણે અત્યારે ગોળ ખાઈએ છીએ, બીજી બધી વિધિ પછીથી કરીશું.

બીજા દિવસે કમલ અબુધાબી ગયો ને બે મહિના પછી જાન લઈને આવ્યો. લગ્ન રંગેચંગે પત્યા. આનલ અહીંથી પાંચ કલમો લઈ ગઈ હતી ને માટી રસિકભાઈ દરિયારસ્તે મોકલવાના હતા.

માટી આવી એટલે આનલે દસ દસ ફૂટના પાંચ ખાડા ખોદાવીને માટી ભરીને કલમો રોપી દીધી.

બીજા કે ત્રીજા મહિને જ પાંચે કલમો પર કૂંપળ ફૂટી હતી ને આનલના પેટમાં પણ એક કૂંપળ ફરકતી હતી!

(શીર્ષકપંક્તિઃ ઉદય ચંદ્રકાન્ત)